ગામડું .. દેશી નળીયા થી ઘાબા સુધી

આ પણા ગામડાંની ધરોહરને સુપેરે પ્રગટ કરે છે. તેનો દરેક શબ્દ ગામડાની તાસીરને જીવંત બનાવી આપે છે. આઝાદી પહેલાં અને તે પછીના સમયથી લઈને લગભગ ૧૯૯૦ સુધી ગામડાં પછાત ગણાતાં હતાં. ગામોમાં વીજળી નહોતી, પરંતુ માણસોના હૃદયમાં ઉજાસ હતો. તેઓ અંધારામાં પણ માણસને ઓળખી શકતા અને આવનારી મુશ્કેલીઓનો અગાઉથી તાગ મેળવી તેના નિરાકરણ માટે તૈયાર રહેતા. તેમનો ખોરાક સાદો, પૌષ્ટિક અને શ્રમને અનુરૂપ હતો. તેઓ ખાવા માટે જીવતા નહોતા, પરંતુ જીવવા માટે ખાતા હતા. ખોરાકનો સંબંધ જીભ કરતાં ભૂખ સાથે વધુ હતો. ગામડાના લોકો સંધ્યા ટાણે જમતા અને મોટાભાગે પોતાના ઘરમાં ઉત્પાદન થયેલો જ ખોરાક આરોગતા. બજારમાંથી ખરીદીને લાવવાની વસ્તુઓ બહુ ઓછી હતી. જે ઘરમાં પેદા થતું, તે જ ઘરના ભોજનનો આધાર બનતું. ખોરાક અને શ્રમ એકબીજાના પર્યાય હતા. ખેતરમાં થતું અનાજ અને ભેંસનું દૂધ, છાસ તથા ઘી એ મુખ્ય ખોરાક હતા. ઘરે મહેમાન આવે ત્યારે જ ઘઉંની રોટલી બનતી; બાકીના દિવસોમાં મોટાભાગે બાજરીના તાજા રોટલા અને માસી જેવી વહાલી લાગતી કઢી તૈયાર જ હોય. તેમાં ઘી નાખીને જમવાની જે મજા હતી, તે આજના વૈભવી ભોજનમાં પણ ક્યાં મળે?



ગામડામાં વીજળી નહોતી, છતાં એક માણસ બીજા માણસને અણસારથી ઓળખી જતો. અંધારું તેમના માટે પડકાર નહોતું, પરંતુ પોતાના જીવનનો સહજ ભાગ હતું. ઘરમાં એક જ કોડિયું હોય, છતાં તેનું અજવાળું આખા પરિવારને પૂરતું પડતું. લોકો એકબીજાને સીધી-સાદી ભાષામાં સમજી લેતા. વાત ટૂંકી, સ્પષ્ટ અને નિખાલસ હોય. તેમાં અવાજના ચઢાવ-ઉતાર, આંખોના ઈશારા કે ચહેરાના હાવભાવ કરતાં હૃદયની નિખાલસતા વધુ બોલતી. કેટલીય પેઢીઓ કોડિયાના અજવાળે રળિયામણું જીવન જીવી ગઈ. ગામડાના અનેક યુવાનો ફાનસના અજવાળે ભણી-ગણીને મોટા અધિકારીઓ બન્યા.

ભાતીગળ ગામડાનું જીવન સ્વસંચાલિત અને સ્વનિર્ભર હતું. ખાવું હોય તો મહેનત અનિવાર્ય હતી. મોટાભાગના લોકો પાસે વાપરવા માટે પૈસા ઓછા હતા, છતાં અભાવની ફરિયાદ કરતાં તેઓ શ્રમમાં વિશ્વાસ રાખતા. અનાજ પકવવા જેટલી જ મહેનત તેને દળવામાં પણ લાગતી. પથ્થર અને લાકડાની હાથ વડે ચાલતી ઘરઘંટીનો અવાજ ગામડાના જીવન સાથે વણાઈ ગયો હતો. અનાજ મળે એ જ આનંદનો વિષય હતો; તેને દળવાનો કોઈ થાક લાગતો નહોતો. તેમ છતાં ડોશીઓ ઘરઘંટી ચલાવતી વખતે થાક ભૂલાવવા માટે લોકગીતો ગાતી. ઘરઘંટીના ઘૂંઘવાટ સાથે તેમના મધુર સ્વર ગુંજી ઊઠતા અને આખું વાતાવરણ સંગીતમય બની જતું. શ્રમ એટલો બધો હતો કે સૂકો રોટલો પણ મીઠો લાગતો.

ચૂલો અને ઈંધણ સ્ત્રીજીવનના અભિન્ન અંગ હતાં. પશુના છાણમાંથી હાથ વડે ગોળ આકારનાં છાણાં બનાવી તેને સૂકવવામાં આવતાં અને તે જ ઘરના સ્વઉત્પાદિત ઈંધણ તરીકે ઉપયોગમાં લેવાતાં. આ છાણાંના ચૂલા પર જ આખા પરિવારનું ભોજન રાંધવામાં આવતું. તેમાં ધુમાડો હતો, પણ તે ધુમાડામાં ઘરનો પ્રેમ અને મહેનતની સુગંધ પણ ભળેલી હતી. ધૂળ અને ઢેફાં ગ્રામ્ય જીવનનો સ્વાભાવિક ભાગ હતાં. ઉડતી ધૂળથી કોઈ ગૂંગળામણ અનુભવાતી નહોતી; બલ્કે ધૂળ ખંખેરીને માણસ ફરી કામે લાગી જતો. માટીને 'મા' સમાન માનવામાં આવતી. લોકોનું જીવન માટીમાં રગદોળાયેલું, માટી જેટલું ભીનું અને સજીવ હતું. માટી અને પરસેવો ભેગા થાય ત્યારે ખેડૂતના હૈયામાં હરખ છલકાતો, કારણ કે તેને આવનારા પાકની આશા દેખાતી. હળ, ગાડું અને બળદ ગામડાના પુરુષના સાચા સહચર હતાં. બળદોથી ગામના ગોંદરા અને ખેડૂતના આંગણાની શોભા વધતી. બળદ માત્ર ખેતીનું સાધન નહોતું, પરંતુ પરિવારનો એક સભ્ય ગણાતો. ખેડૂત અને બળદ વચ્ચે એવો આત્મીય સંબંધ હતો કે બંને એકબીજાની ભાષા સમજી લેતા. માલિક અને કામદારનો સંબંધ નહોતો; બંને જીવનના સહયાત્રી હતાં. બળદગાડું માત્ર ખેતીકામ પૂરતું મર્યાદિત નહોતું. બહારગામ જવા-આવવાનું એ જ મુખ્ય વાહન હતું. સારા-નરસા દરેક પ્રસંગે ખેડૂત બળદગાડાનો જ ઉપયોગ કરતો. ખાસ કરીને લગ્નપ્રસંગે તો બળદગાડાનો પણ આગવો વટ પડતો. જાનૈયાઓની જેમ બળદોને પણ ઝૂલો ઓઢાડીને સુંદર રીતે શણગારવામાં આવતાં. આ ઝૂલા પણ ગામડાની બહેનો પોતાના હાથેથી ભરત ભરીને તૈયાર કરતી. શહેરમાંથી તૈયાર શણગાર લાવવાનો પ્રશ્ન જ ઊભો થતો નહોતો. જાનમાં અનેક બળદગાડાં ધૂળિયા માર્ગ પર સમાંતર ચાલતાં અને સાથે લગ્નગીતોના હાકોટા ગુંજતા. આખો માર્ગ જાણે લોકસંસ્કૃતિના ઉત્સવમાં ફેરવાઈ જતો. એટલા માટે જ કહી શકાય કે બળદગાડું ગામડાના જીવનના તાણા-વાણા સાથે અવિભાજ્ય રીતે જોડાયેલું હતું. લગ્નપ્રસંગે બળદો માટે પૂળા અને ઘાસ પણ સાથે લઈ જવામાં આવતાં. જાનમાં કોના બળદ વધુ ઝડપથી ચાલે છે તેની ચર્ચા યુવાનોમાં ગૌરવનો વિષય બનતી. જેના બળદ સૌથી વધુ ચાલાક અને તાકાતવર હોય, તે ખેડૂત ગર્વ અનુભવતો. એ ગર્વ સંપત્તિનો નહોતો, પરંતુ પોતાના પરિશ્રમ અને પાલનપોષણનો હતો.

ઘરો કાચાં હતાં, રસ્તાઓ ધૂળિયા હતાં, સાધનો મર્યાદિત હતાં... પરંતુ દિલો ખૂબ વિશાળ હતાં. ગામડાંની સાચી સમૃદ્ધિ પૈસામાં નહીં, માણસાઈમાં હતી

ધૂળ, ઢેફાંને પાણા હોય,
ભીંતે-ભીંતે છાણાં હોય;
તાણા એવા ગાણા હોય,
મળવા જેવા માણસ હોય.
ઉકરડાને ઓટા હોય,
બળદના મોટા જોટા હોય;
પડકારને હાકોટા હોય,
માણસ મનના મોટા હોય.
માથે દેશી નળિયાં હોય,
વીઘા એકનાં ફળિયાં હોય;

દિલની વાત...

'અમે મોટાનાં છોરું...
હરિવન સાળિયા...'
(લગ્નગીતની પ્રથમ પંક્તિ)

-પ્રવીણ ચૌધરી

રાહુલ ગાંધીને ખસેડવા માટે આઠ પોલીસકર્મીઓની જરૂર પડી!

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને વડાપ્રધાન નિવાસસ્થાન બહાર યોજાયેલા પાર્ટીના ધરણા-પ્રદર્શનના સ્થળેથી ઉઠાવીને હટાવવા માટે આઠ બળવાન પોલીસકર્મીઓ લાગ્યા હતા. તેમને શહેરના બીજા છેડે આવેલા દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમ લઈ જઈ અન્ય પ્રદર્શનકારીઓ સાથે કેટલાક કલાકો સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. કેટલાક લોકોનું કહેવું છે કે જરૂરિયાત મુજબના પોલીસકર્મીઓની વાસ્તવિક સંખ્યા દસ હતી. પોલીસને વિરોધ-પ્રદર્શનનું સ્થળ ખાલી કરાવવાનો આદેશ મળ્યા બાદ સર્જાયેલી અફરાતફરીમાં આ બાબત સ્પષ્ટપણે સમજવી મુશ્કેલ હતી. જેમ કે સૌ કોઈ જાણે છે, રાહુલ ગાંધી માર્શલ આર્ટ્સમાં બ્લેક બેલ્ટ ધરાવે છે. જોકે, કોંગ્રેસના નેતાઓએ પોલીસ સામે તેમણે માર્શલ આર્ટ્સની તકનીકોનો ઉપયોગ કર્યો હોવાનો ઇનકાર કર્યો છે. આમ છતાં, માર્શલ આર્ટ્સની મહત્વની બાબતોમાંની એક બાબત સ્વ-બચાવ કે હુમલા માટે પોતાના શરીરના વજનનો ઉપયોગ કરવાની તકનીક શીખવાની છે. તે દિવસે રાહુલ ગાંધી જમીન પર ચત્તા સૂઈને અને પોતાના બંને પગ જમીન પર મજબૂતીથી ટેકવીને પોતાનો બચાવ કરી રહ્યા હતા. જ્યાં સુધી પૂરતી સંખ્યામાં પોલીસબળ એકત્ર ન થયું, ત્યાં સુધી પોલીસ તેમને ઉઠાવવામાં અસમર્થ રહી હતી.

ઇધર-ઉધરકી
આરતી જેરથ

આંદોલનકારી વિદ્યાર્થીઓને સામાન્ય જનતાનો સહકાર

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે જ્યારે મધ્ય દિલ્હીમાં યુવાનોના વિરોધ-પ્રદર્શનો ઉગ્ર બન્યા, ત્યારે શહેરભરમાંથી તેમજ બહારથી પણ સહાનુભૂતિ ધરાવતા લોકો ડિલિવરી સર્વિસ મારફતે પ્રદર્શનકારીઓ માટે ભોજન અને પાણી મોકલી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે અલગ-અલગ ધર્મના બે મહત્વના પ્રાર્થનાસ્થળો પણ આ પ્રદર્શનકારીઓને જીવનજરૂરી મદદ પૂરી પાડીને ટેકો આપી રહ્યા છે. એક છે કનોટ પ્લેસ નજીક આવેલું મોટું બાંગ્લા સાહેબ ગુરુદ્વારા. તેણે માત્ર રાતના મોડા સુધી લંગર (મફત ભોજન) ચાલુ જ ન રાખ્યું, પરંતુ યુવાનોને ઊંઘવા માટે ગાદલા અને ચાદરો પણ પાથરી આપી. સેવા એ શીખ ધર્મનો એક અભિન્ન અંગ છે અને થાકેલા પ્રદર્શનકારીઓ, ખાસ કરીને જેઓ આ આંદોલનમાં જોડાવા માટે બીજા શહેરો અને નગરોમાંથી આવ્યા હતા, તેમણે આ પહેલની ખૂબ સરાહના કરી. બીજું, તે જ વિસ્તારમાં આવેલી એક અગ્રણી મસ્જિદ છે. તેણે પ્રદર્શનકારીઓને ગરમી અને અકળાવનારા વાતાવરણમાં ટકી રહેવા માટે જરૂરિયાત મુજબ પાણીની બોટલોનો પૂરતો પુરવઠો પૂરો પાડ્યો. વિદ્યાર્થીઓને મળી રહેલો આ સહયોગ ખરેખર અભૂતપૂર્વ છે.

રામમંદિરમાં CEOની નિમણૂક સામે સાધુ-સંતોની નારાજગી

અયોધ્યામાં રામમંદિરમાં મોટા પાયે દાનની ચોરી બહાર આવ્યા બાદ તેના વહીવટ માટે CEOની શોધ હાથ ધરાતા નિવૃત્ત અમલદારો મોટી સંખ્યામાં આકર્ષાયા છે. મંદિર ટ્રસ્ટને અત્યાર સુધીમાં એક હજારથી વધુ અરજીઓ મળી ચૂકી છે, જેમાંથી મોટાભાગની પૂર્વ અમલદારોની છે. આ નિર્ણયને કારણે અયોધ્યાના સાધુ-સંતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમનું માનવું છે કે મંદિરનો વહીવટ સ્થાનિક અખાડાના સભ્યોને સોંપવો જોઈએ. આ નિર્ણયનો વિરોધ કરનારાઓમાં જગદ્ગુરુ સતીશાચાર્ય મહંત, ધર્મદાસ અને કરપાત્રીજી મહારાજ જેવા જાણીતા સાધુ-સંતો પણ સામેલ છે. તેમણે એવા નિવેદનો આપ્યા છે કે મંદિરનો વહીવટ ધર્મ પ્રત્યે સમર્પિત કોઈ 'દાસ' (સેવક) દ્વારા થવો જોઈએ, કોઈ અમલદાર દ્વારા નહીં. આ મુદ્દે સાધુ-સંતોનો સીધો સંઘર્ષ વિશ્વ હિન્દુ પરિષદ અને RSS સાથે થઈ રહ્યો છે, કારણ કે તેઓ આ મંદિરના સંચાલનમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માંગે છે, જેના પ્રોત્સાહન અને નિર્માણમાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી.

ધર્મેન્દ્ર પ્રધાનની પુત્રીનું ટ્રોલિંગ - એક કમનસીબ બાબત

દિલ્હીમાં સર્જાયેલા વિવાદના વંટોળના કેન્દ્રમાં રહેલા કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની સાથે તેમની પુત્રી પણ પ્રહારોનો ભોગ બની છે, તે ખૂબ જ કમનસીબ બાબત છે. નૈમિષા પ્રધાને પોતાનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ ડિએક્ટિવેટ કરવાની ફરજ પડી હતી, કારણ કે તેના પિતા ભારતમાં શિક્ષણ મંત્રાલય સંભાળી રહ્યા છે, તેમ છતાં તે પોતે અમેરિકામાં અભ્યાસ કરતી હોવાને લીધે તેને ટ્રોલ કરવામાં આવી રહી હતી. તેણે મેસેચ્યુસેટ્સની ટફ્ટ્સ યુનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કર્યો હતો અને હાલમાં તે અમેરિકામાં જ નોકરી કરી રહી છે. તેને સોશિયલ મીડિયા ચુઝર્સ અને વિરોધ-પ્રદર્શનકારીઓ તરફથી ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તેમનો આક્ષેપ હતો કે તેના પિતાના નેતૃત્વ હેઠળ ચાલતી ખાડે ગયેલી શિક્ષણવ્યવસ્થામાં લોકો હેરાન થઈ રહ્યા છે, જ્યારે તે પોતે ઉત્તમ શિક્ષણના લાભો ભોગવી રહી છે. તેને એવા લોકો તરફથી થોડું સમર્થન પણ મળ્યું હતું, જેમનું માનવું હતું કે તેને ખોટી રીતે નિશાન બનાવવામાં આવી રહી છે. પરંતુ દેખીતી રીતે, તે આ વિવાદમાં પડવા માગતી નહોતી.

કાવ્યાના રોમેરોમમાં દાવાનળ પ્રગટ્યો ને કૃતિને જોશભેર લાત ફટકારી

સુરેન્દ્ર પુષ્કર્ણાએ ફોન ઉપાડ્યો. સામે એમનો એક સમયનો જુનિયર પોલીસ સાથી અને સસ્પેન્ડ થયા બાદ ખબરી બની ગયેલો મુળચંદ હતો.

'સર, ગાંધીનગરમાં આપની ફાઈલ ફંફોસાઈ રહી છે. પ્રમોશન કે ટ્રાન્સફર માટે તૈયાર રહેવું પડશે. મારે લાયક કોઈ સેવા હોય તો ચોક્કસ જણાવજો, પ્લીઝ.'

'મારી ફિકર છોડ. તું અને ઘરે બધા મજામાં ને?'

મુળચંદ ઉર્ફે મુળુ સાથે પ્રેમપૂર્વક વધુ થોડી વાત કરીને પુષ્કર્ણાએ ફોન મૂકી દીધો.

ક્રાઈમ કોડ
પ્રફુલ શાહ

પોલીસ સુપરિન્ટેન્ડન્ટે સામે બેઠેલા લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ સામે જોઈને કોફીનો છેલ્લો ઘૂંટડો પૂરો કરીને કપ નીચે મૂક્યો. પુષ્કર્ણાએ આંખ બંધ કરીને આદેશ આપ્યો,

'રાઠોડ, ફોરેન્સિક ટીમનો પ્રાથમિક અહેવાલ શું છે?'

'સર, આમ તો ચહેરો એટલો ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત છે અને ઓળખ શક્ય નથી, તેથી ફોરેન્સિક ટીમ માત્ર ચહેરા પર નિર્ભર નથી.

મૃતદેહનું સંપૂર્ણ પંચનામું અને ફોટોગ્રાફી કરવામાં આવી છે. કપડાં, દાગીના, ઘડિયાળ, જૂતાં, ટેટૂ, જન્મચિહ્ન, સર્જરીના નિશાન વગેરેની નોંધ લેવામાં આવી છે. પોસ્ટમોર્ટમથી મૃત્યુનું કારણ નક્કી થશે કે ખરેખર ઊંચાઈ પરથી પડવાથી મૃત્યુ થયું છે કે અન્ય કોઈ કારણસર. ફિંગરપ્રિન્ટ્સ અને દાંત પણ ઓળખ સ્થાપિત કરવામાં કામ આવશે. હાડકું, દાંત, લોહી અથવા અન્ય પેશીના ડીએનએના નમૂના સાચવી રાખ્યા છે, જેથી પરિવારજનોના ડીએનએ સાથે સરખામણી થઈ શકે. હાડકાંના આધારે અંદાજિત ઉંમર, લિંગ, ઊંચાઈ અને ક્યારેક વંશીય લક્ષણો પણ નક્કી થઈ શકશે.

જો જરૂર પડશે તો ચહેરાનું ફોરેન્સિક રિકન્સ્ટ્રક્શન પણ કરવામાં આવશે અને...'

વાતને અધવચ્ચે કાપતા પુષ્કર્ણા આકરા અવાજે બોલ્યા,

'આ બધું તો જનરલ થયું. તમે પોતાની રીતે વહેલું શું કઢાવ્યું? અને તમારી સિક્સ્થ સેન્સ શું કહે છે?'

'સર, અનઓફિશિયલ ઈન્ફોર્મેશન મુજબ મોત ઉપરથી પડવાથી થયું છે. સવાલ એ છે કે પોતે કૂદી પડ્યો? એવું હોય તો શા માટે? જો કોઈએ ધક્કો માર્યો હોય તો કોણે એવું કર્યું અને શા માટે? લાશના પર્સની સામગ્રી મુજબ તેનું નામ માઈકલ ડી'કોસ્ટા છે.'

'આ ડોક્યુમેન્ટરી ફિલ્મના યુનિટના માણસનું નામ પણ એવું જ છે ને? મને લાગતું હતું કે લાશને ક્યાંક આતંકવાદી ધમકી સાથે કનેક્શન ન હોય. મારો ડર સાચો પડ્યો...'

'પણ કોઈને મારીને ચહેરો બગાડીને માઈકલ ડી'કોસ્ટાની આઈડેન્ટિટી મૂકી દેવાઈ હોય તો?'

'પણ શા માટે?'

'પોલીસને ઊંધે રવાડે ચડાવી દેવા...'

ચહેરો એટલો ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત છે અને ઓળખ શક્ય નથી, તેથી ફોરેન્સિક ટીમ માત્ર ચહેરા પર નિર્ભર નથી

'એવું કોણ કરે?'

'ગમે તે... ખુદ માઈકલ ડી'કોસ્ટાએ પણ કર્યું હોઈ શકે.'

•••

'આ માઈકલ ડી'કોસ્ટાને તું કેટલો ઓળખે છે?'

સિનેમેટોગ્રાફર કૃતિ બચીબેનને આ સવાલ ન ગમ્યો. એનાથી વધુ એક મહિલાનું, સામે બેઠેલી આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણાનું આવવું પણ ન ગમ્યું.

હકીકતમાં કૃતિ અને કાવ્યામાં માની ન શકાય એટલી સમાનતા હતી. ઊંચાઈ પાંચ-સવા પાંચ ફૂટ. પોલીસમાં ભરતી વખતે કાવ્યાની ઊંચાઈ મિનિમમ જરૂરિયાત મુજબ પાંચ ફૂટ બે ઈંચ હોવી જોઈએ, જ્યારે તેની ઊંચાઈ પાંચ ફૂટ દોઢ ઈંચ હતી. તેણે સ્ત્રી ચારિત્યની મદદથી ઊંચાઈ પોણો ઈંચ વધારાવીને જંપી હતી. ત્યારથી કાવ્યા બહાર જ નહીં, ઘરની અંદર પણ હિલ્સ પહેરવા માંડી.

કૃતિ અને કાવ્યા બન્ને પોતાને સૌથી વધુ ચાલાક અને કાબેલ માનતાં હતાં. કૃતિને ગળા સુધી ખાતરી હતી કે પોતે કળા, સિનેમા અને સર્જનાત્મકતામાં ખૂબ માહેર છે, નિપુણ છે. બસ, એક તક માટે તેને રાજેશ પંચમિયા જેવા માણસને વેઠવો પડે છે, કારણ કે એ નિર્માતા-દિગ્દર્શક છે અને ખાસ તો ફાઈનાન્સ લાવે છે. પંચમિયાને નીચો દેખાડવા અને શક્ય બને તો મુશ્કેલી ઊભી કરવા તેણે પંચમિયાને પૂછ્યા વગર મુંબઈથી ભાઈ ચંદુને એક સાથી સાથે આહવા બોલાવ્યો હતો.

કાવ્યાને પણ બઢતીની બેફામ ભૂખ હતી. બપોરે ઓફિસમાં નાનકડી વામકુક્ષી દરમિયાન પણ તેને સપનામાં પોતાના ખભા પર અનેક સ્ટાર, સવાલ પૂછવા પાછળ પડેલા પત્રકારોના ટોળા અને નીરવ ત્રિવેદી સહિતના જુનિયરો સેલ્યુટ કરતા દેખાતા હતા.

કૃતિ ઈચ્છતી હતી કે કોઈ પુરુષ અને સિનિયર ઓફિસર તેની પૂછપરછ કરે. મર્દને આસાનીથી ઈમ્પ્રેસ કરી શકાશે. વળી તેની સાથેની ઓળખાણ ક્યારેક સંબંધમાં ફેરવાય તો ભવિષ્યમાં ફાયદો પણ થાય.

અતા-પતા-લાપતા -13

કૃતિએ નફરતભરી નજરે કાવ્યા સામે જોયું.

'હું તારી જેવી નવીસવી હવાલદારણીના એકેય સવાલનો જવાબ આપવાની નથી. હું બોલું એક વાત, તું સમજે બીજી વાત અને લખે કંઈક ત્રીજું જ. જા, કોઈ સિનિયરને મોકલ.'

કાવ્યાના રોમેરોમમાં દાવાનળ પ્રગટી ઊઠ્યો. તેણે કૃતિને જોશભેર લાત ફટકારી અને એ દૂર જઈને પડી. એ હલનચલન વગર સ્થિર રહી અને કાવ્યા મનોમન ગભરાઈ ગઈ કે આને કંઈક થઈ ગયું કે શું?

(ક્રમશઃ)

સટ્ટાક — કમલ